## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઐક્યને અનુસર્યા નહીં ને, ઊંચે મઢાવી દીધા!*
*કૌભાંડો કરી, સ્વચ્છતાનાં યશમાં ચઢાવી દીધા!*
*પઢાવી લીધું 'રામ' બાપુ જાણે, ભાજપી પોપટ -*
*જોતી રહી કૉંગી 'બાપુ-સરદાર' પડાવી લીધા !!*

### હાઈકુ

*થાય છે પાણી -*
*તઘલખી તૂક્કામાં -*
*ડૂબ્યા કરોડો...*

*માંગે ઊંચ્યાઈ -*
*સંકુચિત વિચારે*
*મહા-વામન...*

### ચિંતન

**મન્ત્રકાલે ન મત્સરઃ કર્તવ્યઃ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મંત્રણા સમયે રાજાએ મત્સર નહિ દાખવવો જોઈએ.

મંત્રીઓ સાથે ચર્ચાવિચારણા કરતી વખતે રાજાએ એમની વાત ધ્યાનથી સાંભળવી જોઈએ. કોઈ પણ જાતની નાનમ ન અનુભવવી જોઈએ અને સાથે સાથે પોતાની જીદને વળગી ના રહેવું જોઈએ.

રાજ્યના વહીવટી કાર્યોમાં મંત્રીઓ અને નિષ્ણાતો સાથે ખૂલ્લા મનથી ચર્ચા-વિચારણા કરવી જોઈએ. માત્ર પોતાની જ વાતનો કક્કો સાચો ઠેરવી પોતાના જ વિચારો થોપી મારવાની વૃત્તિ ન રાખતાં સર્વ સ્વીકાર્ય ઉચિત અને સાચી સલાહનો સ્વીકાર કરવો જોઈએ.

મંત્રણા સમયે રાજાએ નમ્ર રહેવું.

### સુવિચાર

- અનુભવ તો આમ સારી વાત ગણાય - જો એ મફતમાં મળી જાય તો - **બર્નીઝ કહેવત**
- અધ્યાપકો રાષ્ટ્રની સંસ્કૃતિના ચતુર માળી હોય છે. એ સંસ્કારોનાં મૂળને ખાતર આપે છે અને પોતાના શ્રમથી એમને સીચીં સીચીં ને મહાપ્રાણ શક્તિ બનાવી દે છે - **શ્રી અરવિંદ**
- અનુરાગ વાણીનો નહીં, અનુભૂતિનો વિષય છે,
  એની બધી પરિભાષાઓ અનુભૂતિ પાસે પાંખી પડે છે - **જનકલ્યાણ**
- જીભ નહીં હોવા છતાં અપરાધ તો બોલવાનો જ - **શેક્સપિયર**
- અપ્રામાણિકતાથી મેળવેલું પ્રામાણિકતાપૂર્વક ના ભોગવી શકાય - **હેનરી**
- અંતઃકરણ જેવો વિકટ અને શક્તિશાળી આરોપ મૂકનાર કે સાક્ષી અન્યક્ષ નહીં મળે - **ફ્રેરાન્ડ જેરોલ્ડ**
- આજનું ઔષધ : દુધીનો રસ માથામાં એક કલાક લગાવી માથું ધોઈ નાખવાથી વાળને પોષણ મળે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

દરબારીઓએ અકબરની કાનભંભેરણી કરી કે આ બીરબલ ફોકટનો સૌથી વધુ પગાર લે છે. બીરબલને અકબર બાદશાહે ખૂબ ખરી ખોટી સંભળાવી. બીરબલથી અપમાન સહન ન થયું એટલે એણે ચૂપચાપ દરબાર છોડી દીધો. નારાજ થઈ એકલો બીરબલ અજ્ઞાત વાસમાં ચાલ્યો ગયો. એક એવા ગામમાં મજૂરની જેમ રહેવા લાગ્યો કે જયાં એને કોઈ ઓળખી ન શકે. આ બાજુ બાદશાહની દશા બેઠી. બીરબલની સલાહ વગર રાજયમાં અસંતોષ ને અરાજકતા ધીમે ધીમે વધતી ગઈ. બીરબલને શોધવા માણસો દોડાવ્યા પણ બીરબલ મળે નહીં. બાદશાહે યુક્તિ કરી... ફરમાન બહાર પાડ્યું કે ગામના લોકો અડધો છાંયડો - અને અડધો તડકો હોય ત્યારે ગામના ચોરામાં ભેગાથવું જો એમ નકરી શકે તો ગામના દરેક ઘર પર ભારે દંડ લગાડવામાં આવશે. કેટલાયે ગામો પર સામુહિક દંડ લગાવવામાં આવ્યો કારણ કે તેઓ બાદશાહના હુકમના પાલન કરી શકતા ન હતા. એક સરીસ્કા ગામના લોકો બપોરના બાર વાગે ગામના ચોરા પર માથે કાથી ભરેલો ખાટલો લઈ ભેગા થયા. આ ખાટલામાંથી તડકો પણ આવતો હતો અને છાંયો પણ મળતો હતો. બાદશાહના માણસે દિલ્હી ખબર મોકલાવ્યા કે સરીસ્કા ગામને દંડ કરી શકાય તેમ નથી. કેમ કે તેમને બાદશાહના ફરમાનનું પાલન કરી બતાવ્યું છે. તરત બાદશાહ ખુદ રસાલા સાથે સરીસ્કા આવ્યા. બીરબલને શોધી કાઢ્યો અને માન-પાન સાથે લઈ દિલ્હી પરત ફર્યા.

# સરદાર વંદનાની ઐતિહાસિક ઘટના

**તંત્રીસ્થાનેથી...**

આજનો દિવસ માત્ર ગુજરાત માટે જ નહીં બલ્કે દેશ આખા માટે ગૌરવદિન બની રહેશે. દેશની એકતા અને અખંડતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસે એમના જ નામે સાકાર બનેલી ગુજરાતની જીવાદોરી સમી 'સરદાર સરોવર યોજના' ના સાધુ બેટ પર આ શ્વેત વસ્ત્રધારી રાજ-સંન્યાસીની પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ થશે. સરદાર વલ્લભભાઈ પટેલ જાણીતા સુભાષિતમાં કહેવાયું છે કે એવા વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ લોકોત્તર મહાપુરુષ હતા. વીસમી સદીના વિશ્વનાયક લેખે મહાત્મા ગાંધીનો આખી દુનિયા સ્વીકાર કરે છે ત્યારે ગાંધીની અહિંસક સેનાના સેનાપતિ કોણ ? એ પ્રશ્નનો ખુદ ગાંધીજીએ જ જવાબ આપવાનો હોય તો એક સેકન્ડના પણ વિલંબ વગર એ સરદારનું જ નામ આપે. સરદારની જે આભ ઊંચેરી પ્રતિભા હતી એ સરદાર સરોવર ખાતે અનાવરણ પામી રહેલી એમની ચીની બનાવટની પ્રતિમા મારફત સૂચિત જરૂર થશે, અલબત્ત એથી ગાંધી કં સરદારથી નાના નથી થઈ જવાના કે નથી એમની વૈશ્વિક ઈમેજને કોઈ ઘસારો લાગવાનો. સરદાર પોતાને ગાંધીના સૈનિક બલકે વફાદાર અનુયાયી જ ગણતા રહ્યા હતા. એથી જયારે પણ એમને કોઈ મુદ્દે ગાંધી કે નહેરુ સાથે મતભેદ થયો હશે ત્યારે છેલ્લો શબ્દ ગાંધીનો જ રહેતો. ગાંધીના શબ્દને આદેશ માનતા રહ્યા એટલે જ ગૃહપ્રધાન તરીકે ગાંધીના જીવને જોખમ હોવાનું જાણતા હોવા છતાં તેઓ બળજબરીપૂર્વક ગાંધીજીને રક્ષાકવચ પૂરું નહોતા પાડી શક્યા. ગાંધીજીએ જ એવું પગલું લેતાં એમને અટકાવ્યા હતા. સરદારના જીવનની સાદગી અને સમર્પણ જોતાં ત્રણ હજાર કરોડ જેવી અધધધ રકમ ખર્ચીને વિશ્વની સૌથી ઊંચી પ્રતિભા સ્થાપિત કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય કદાચ એમના આત્માને ઠેસ પણ પહોંચાડે, પરંતુ કયારેક આવો નિર્ણય વ્યાપક સંદર્ભે ઉપકારક નીવડતો હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે તેમ આ ભારતની આન અને શાનનું પ્રતિક બની રહેશે. અમેરિકાના સ્ટેચ્યુ ઑફ લિબર્ટી કરતાં ઘણું ઊંચું મોટું એવું આ સરદાર સ્ટેચ્યું એ ભારતીય સ્વાતંત્ર્યની પ્રતિષ્ઠાનું અને ઊર્ધ્વ ચેતનાનું પ્રતીક બની રહેશે. જો કે આપણા દેશમાં હવે સ્ટેચ્યું સંદર્ભે પણ હરિફાઈનો યુગ શરૂ થાય તો નવાઈ નહીં. ગુજરાત સરકારની પ્રતિમા મૂકે તો મહારાષ્ટ્ર શિવાજીની કેમ નહીં ? શિવાજીની પ્રતિમા સરદારની પ્રતિમા કરતાં પણ વધારે ઊંચી હશે, એ કહેવાની જરૂર ખરી ? કાલે રાજસ્થાનને રાણા પ્રતાપની પ્રતિમા મૂકવાની ચાનક ચડશે અને એક દિવસ આખો દેશ પૂતળાંના મ્યુઝિયમમાં ફેરવાઈ જશે, એવી આગાહી જરૂર કરી શકાય. આખરે આપણે પ્રતિમાપૂજક પ્રજા છીએ. રામ, કૃષ્ણ અને શિવની પ્રતિમાઓ કરતાં રાષ્ટ્રનાયકોની પ્રતિમાઓ ઊંચી હોઈ શકે ખરી ? બની શકે કે બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ, શિવ અને આંબેડકર પણ સરદારની પ્રતિમા જોયા પછી મેદાનમાં કૂદી પડે !

# એક સાચી સમજ કેટલી મુશ્કેલીઓને નિવારી દેતી હોય છે ખરું ને!

નવાં કલેવર
નટવર હેડાઉ

બાપુને વૃદ્ધાવસ્થા ઘેરી વળી હતી. શરીર નબળું પડી ગયું હતું. આંખે બરાબર દેખાતું ન હતું કે કાને બરાબર સંભળાતું ન હતું. ગાત્રો શિથિલ થઈ જતાં હવે આખો દિવસ તે ખાટલામાં પડ્યા રહેતા હતા. તેમની દવા, પાણી અને ખોરાકનું દીકરો, વહુ અને પૌત્ર પૂરતું ધ્યાન રાખીને સમયસર આપતાં હતા. ત્યારે ચહેરા પર એક ગજબ પ્રકારનું તેજ અને સંતોષનો ભાવ જોઈ શકાતો હતો. પહેલાં તો રોજ સવારમાં વહેલા ઊઠીને ચાલવા જતા, મંદિરની મંગળા આરતીનાં દર્શન તેમનો નિત્યક્રમ હતો. પણ હવે શરીર સાથ ન આપતું હોવાથી તેમને ઘણા સમયથી બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું. છતાં કુદરત સાથેનું તાદાત્મય તેમણે છોડ્યું ન હતું. ઓરડાની બારીમાંતી આવતાં કોમળ સૂર્યકિરણોથી જાણે જીવનમાં અજવાળું ફેલાઈ જતું હોય તેમ તેમને લાગતું. પરોઢનાં પંખીઓનો કલરવ અને આરતીની ઝાલરનો સ્વર આજે પણ તેમને રોમાંચિત કરી દેતો. તેથી તેમની જરૂરિયાતની કોઈ ચીજ, ચ્હા પાણી કે નાસ્તો જો સમયસર ન મળે તો પણ તે કયારેય ચીડાતા નહીં કે ક્રોધ પણ કરતા નહીં.

તેમના ચહેરા પર પ્રસન્નતા હંમેશા છલકતી જોઈ એક દિવસ તેમના દીકરાએ તેમને પ્રશ્ન કર્યો.

'બાપુજી, દાદા પર તમારી માફક વૃદ્ધ હતા. મેં તેમને જોયેલાનું સ્મરણ થાય છે. તે પણ તમારી જેમ જ ખાટલામાં સુતા રહેતા. તમે તો અમારા કરતાં પણ તેમની વધારે સેવા કરતા. ખુબ જ સારી સુશ્રુષા કરતા તેમનો પડ્યો બોલ ઝીલતા છતાં તે તમારા ઉપર ખુબ જ ખીજાતા. ચીડાઈ જતા અને ઠપકો દેતા.' કયારેક તો ગાળો પણ આપતા. જેમાં તેમના અમુક શબ્દો નક્કી હતા. જે મને આજે પણ યાદ છે. તે કહેતા, 'અરે નાલાયકો, તમને અમે જન્મ દીધો છે. લાલન પાલન કર્યું છે. બાળપણમાં કેવા લાડ લડાવ્યા છે, ભણાવ્યા ગણાવ્યા છે અને લાયક બનાવ્યા છે. પરણાવ્યા છે. પૈસા દઈને નોકરીઓ અપાવી છે. વિગેરે વગેરે...'

તમે પણ આ બધું જ કર્યું છે. તેમ છતાં તમારા હોઠે કયારેક આ પ્રકારના શબ્દો આવ્યા નથી. માટે જાણવું છે કે આવું કેમ ?

ત્યારે બાપુએ જવાબ આપ્યો. 'દીકરા, એમનો સ્વભાવ એમની પાસે હતો. મારો સ્વભાવ મારી પાસે છે. મારા પર ગુસ્સો કરવો એ તેમનો અધિકાર હતો. અને સાંભળી લેવું એ મારી ફરજ હતી, જયાં સુધી પોતાના સંતાનો માટે કંઈક કરવાની વાત છે. એમાં એવું છે કે તે જવાબદારી નિભાવવાની વાત છે. જયારે આપણે આપણાં કર્તવ્ય અને જવાબદારી નિભાવવાનો અહેસાનનો અંચળો ઓઢાળી ફરવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે આશાઓ વિખરાઈ જાય છે અને અપેક્ષાઓ ટૂટવા લાગે છે. તેથી એવું બને છે કે આપણને ક્રોધ ઘેરી વળે છે.'

પિતાના આ વિચારોને જાણી પુત્રને પિતા પ્રત્યેની લાગણી બમણી થઈ ગઈ. એક સાચી સમજ કેટલી મુશ્કેલીઓને નિવારી દેતી હોય છે ખરું ને!

# લાગણીઓના ઘોડાપૂર : આપણી ઈચ્છા-અનિચ્છાએ તેમાં તણાતા રહીએ છીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

રામાયણની એક કથા ખૂબ જ જાણીતી છે. રાજા દશરથજીના પ્રિય રાણી કૈકેયીજી યુધ્ધ કૌશલ્યમાં માહિર હતાં. રજા દશરથજી ને તેઓ યુધ્ધને સમયે સંપૂર્ણ રીતે સાથ આપતા હતા. એકવાર દેવરાજ ઈન્દ્ર સંબરાસૂર રાક્ષસ સામે યુધ્ધ કરી રહ્યા હતાં. એ રાક્ષસ એટલો બળવાન હતો કે યુધ્ધ કરતાં કરતાં દેવો પણ તેની સામે હામ ભીડી ના શક્યાં અને હિમ્મત હારી ગયા, દશરથજી પણ એક મહાબળવાન યોધ્ધા હતા. રાજા ઈંદ્રદેવે દશરથજીને સંબરાસૂર રાક્ષસ સામેના યુધ્ધમાં સાથ આપવા માટે વિનંતી કરી. દશરથજી રાજી થયા. રાણી કૈકેયીજી પણ દશરથજીને યુધ્ધમાં સાથ આપવા માટે તેઓની સાથે જોડાયા.

યુધ્ધ દરમ્યાન દશરથજીના સારથીને એક બાણ વાગ્યું અને તે ઘવાયો. સારથી ઘવાયો એટલે દશરથજીનો રથ ડગમગી ગયો જેને કારણે દશરથજીને યુધ્ધ લડવામાં વિક્ષેપ પડવા લાગ્યો. પરિસ્થિતિની ગંભીરતા જાણીને એ જ સમયે રાણી કૈકેયીજીએ દશરથજીના રથની કમાન પોતાના હાથમાં લઈ લીધી અને પોતે સારથીની ભૂમિકામાં આવી ગયા. કૈકેયીજીએ કમાન સંભાળી પછી રથ સ્થિર થયો એટલે દશરથજી પૂરી તાકાતથી યુધ્ધ લડવા લાગ્યા. એ દરમ્યાન ફરી પાછું એક વિઘ્ન આવ્યું. દશરથજીના રથનું પૈડું એક ખાડામાં ફસાઈ ગયું. રાક્ષસ પણ પૂરી તાકાતથી આક્રમણ કરતો હતો અને રથ ખાડામાં ફસાઈ ગયો તેને કારણે દશરથજી પણ ઘવાયા. એ જ સમયે ફરી એકવાર કૈકેયીજીએ પોતાનું કૌશલ્ય બતાવ્યું અને રથની નીચે ઉતરી ખાડામાં ફસાયેલા રથના પૈડાંને બહાર કાઢ્યું અને પછી પોતે હાથમાં શસ્ત્રો લઈને રાક્ષસ સામે પૂરી તાકાતથી પ્રહાર કરવા લાગ્યા. રાણી કૈકેયીજીની બહાદૂરી અને યુધ્ધ પ્રવિણતા જોઈને રાક્ષસ ભયભીત થઈ ગયો, પોતાનું મોત ભાળી ગયો અને રણમેદાન છોડીને ભાગી ગયો.

રાણી કૈકેયીજીની બહાદૂરીથી દશરથજી ખૂબ જ પ્રભાવિત થયા. ખૂબ જ ખુશ થઈને દશરથજીએ રાણીને ઈચ્છા હોય એવા બે વચનો માંગવા કહ્યું. રાણીએ કહ્યું કે ભવિષ્યમાં જ્યારે પોતાને આવશ્યકતા ઊભી થશે ત્યારે એ વચનો માંગશે. દશરથજીએ પણ વચન આપ્યું કે રાણી જ્યારે પણ માંગશે ત્યારે એ વચનો પૂર કરશે. ત્યાર પછીની વાત પણ ખૂબ જ પ્રચલિત અને જાણીતી છે કે શ્રીરામનો રાજ્યાભિષેક કરવાનું નક્કી થયું ત્યારે કૈકેયીજીએ પોતાના એ વચનો માંગ્યા અને એ વચનો થકી શ્રીરામને ચૌદ વર્ષ વનવાસ ભોગવવો પડ્યો. એ વચનો રાજા દશરથજી માટે પ્રાણઘાતક નિવડ્યા.

રામાયણનાં આ બંને પ્રસંગો ખૂબ જ મહત્વના છે. એક રાજા દશરથજીએ રાણી કૈકેયીજીને બે વચનો માંગવા માટે કહ્યું તે અને બીજો વર્ષો પછી કૈકેયીજીએ પોતાના વચનો માંગ્યા તે. વિવેચકોનું કહેવું છે કે આ બંને પ્રસંગો સમયે રાજા દશરથજી લાગણીઓના આવેશમાં હતા. તેમની લાગણીઓ તીવ્ર હતી કહોકે તેઓ લાગણીના પ્રવાહમાં તણાઈ રહ્યા હતા. પહેલા ર્પ્સંગના સમયે તેને યુધ્ધમાં વિજય મળ્યો હતો તેથી તેઓ આનંદની લાગણીઓનાં ધસમસતા પ્રવાહમાં તણાઈ રહ્યા હતા. એ ઉપરાંત રાણી કૈકેયીજીની બહાદૂરીને પણ સૌ દેવો વધાવતા હતા તેના આનંદનો પણ આવેશ હતો. બીજા પ્રસંગે પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીરામનો રાજ્યાભિષેક થવાનો હતો તેના આનંદના ઘોડાપૂર વહી રહ્યા હતા. બીજા પ્રસંગના સમયે રાણી કૈકેયીજી પણ પોતાના પુત્ર ભરતજી રાજગાદીથી વંચિત રહેવાના હતા એટલે એ પ્રકારની લાગણીની તીવ્રતાથી પીડાતા હતા. દશરથજી લાગણીના આવેશમાં હતા ત્યારે આપેલા બે વચનો, અને એવા જ લાગણીના આવેશ સમયે કૈકેયીએ માંગેલા વચનો રાજા દશરથજી માટે શાપરૂપ નિવડ્યા. એવી જ રીતે કૈકેયીજીએ પણ લાગણીના આવેશમાં આવીને વચનો માંગ્યા હતા જેનો પાછળથી તેમને પશ્ચાતાપ થયો હતો.

આપણાં જીવનની નદી સામાન્ય રીતે સહજ રીતે અને મંથર ગતિએ વહેતી હોય છે. એવું જ આપણી લાગણીઓનું છે. વરસાદના સમયે જ જેમ નદીમાં પૂર આવે છે, ક્યારેક ઘોડાપૂર આવે છે એવી જ રીતે હૃદયમાથી સહજ રીતે ઊભરતી લાગણીઓમાં પણ કોઈપણ કારણસર ક્યારેક લાગણીઓના ઉભરાઓ આવે છે, ક્યારેક લાગણીઓના ઘોડાપૂર પણ આવતા હોય છે.

નદીમાં પૂર આવે છે અને પછી એ પૂર ઓસરી જાય છે ત્યારે નદીના કાંઠે કચરો છોડી જાય છે. એ કચરામાં ક્યારેક બાળકોના તૂટેલા રમકડાઓ તો ક્યારેક સ્ત્રીઓની ભાંગેલી બંગડીઓ હોય છે. એવી જ રીતે લાગણીઓના પૂર પણ જ્યારે ઓસરી જાય છે ત્યારે ક્યારેક વેદના અને વ્યથાને છોડી જતાં હોય છે. લાગણીના પૂર ક્યારેક એટલા ભયંકર હોય છે કે એ પૂર જ્યારે ઓસરે છે ત્યાં સુધીમાં તો આપણે તબાહ થઈ ગયા હોઈએ છીએ અને શેષ રહી ગયા હોય છે માત્ર આપણાં વ્યકિતત્વના અવશેષો.

લાગણીના પૂર ક્ષણીક જ હોય છે. એ કાયમ રહેતા નથી પણ એ પૂર જ્યારે આપણી અંદર પૂરવેગે ધસમસતા હોય ચ્હે એ સમયે કરેલા કેટલાક કાર્યો, એ સમયે આપેલા કેટલાક વચનો, એટલા આવેશપૂર્ણ અને અસહજ હોય છે કે જ્યારે આપણી લાગણીઓ સહજ બને છે ત્યારે આપેલા વચનો પાળી શકાતા નથી. આવેશમાં આવીને કરેલા કાર્યો બદલ પશ્ચાતાપ કરવો પડતો હોય છે કારણકે એ કાર્યો થકી કદાચ ઘણું નુકશાન થઈ ચૂક્યું હોય છે.

મારો, તમારો અને આપણાં સૌનો એ અનુભવ છે કે જીવનમાં ક્યારેક ને ક્યારેક તો આપણે લાગણીના આવેશમાં આવતા જ હોઈએ છીએ. આવું થાય છે ત્યારે આપણાં મન અને શરીર અંકુશમાં નથી રહી શકતાં. લાગણીના પૂર આવે ત્યારે શ્વાસોશ્વાસની ગતિ વધી જાય છે, હૃદયના ધબકારા અનિયમિત થઈ જાય છે અને ક્યારેક ચહેરાના ભાવ પણ બદલાઈ જતાં હોય છે. લાગણીના આવેશની આપણાં મન અને દિમાગ ઉપર પણ અસર થતી હોય છે. એ સમયે આપનું દિમાગ ભવિષ્યનું વિચારી શકતું નથી. આ પરિસ્થિતિમાં આપણે ક્યારેક સાચા તો ક્યારેક ખોટા નિર્ણયો લઈ લેતા હોઈએ છીએ જે ભવિષ્યમાં ક્યારેક ફાયદાકારક તો ક્યારેક આઘાતજનક પણ નિવડતા હોય છે.

(ક્રમશઃ)

# દિપ જ્યોતિ દિલથી પ્રગટે અને પ્રકાશ પ્રસરે તે દિવાળી

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમયની ઝડપ સાથે કેલેન્ડર સામે જોઈ જીવવાની રોબોટિક લાઈફમાં દિપાવલી અન્ય તહેવારોની માફક આવી પહોંચી અને તે પલકવારમાં જતી રહેશે ફરીથી આવવા માટે ! આસો માસનો અંતિમ દિવસ એ દિપાવલી હોય છે અને દીવડા પ્રગટાવ્યા વિના આ તહેવાર પૂર્ણ થતો નથી. દીપ શેનું પ્રતિક છે ? જ્ઞાનનાં પ્રકાશનું, બુરાઈ ઉપર જીતનું, વિજય અને શક્તિનું ત્યારે આ દીપ ભૌતિક મટી આંતરિક ઉર્જાનો સ્ત્રોત બની જાય છે. માટીનાં કોડિયા બનાવનારા ભારતીય કારીગરો માટે આ ઉત્સવ જીવન સંઘર્ષ માટે ધંધાકીય સીમિત તકો પૈકીની એક તક છે છતા સસ્તુ મળવવાની નીતિના ભાગ તરીકે ઘણા નાગરિકો ચાઈના બનાવટની ચીજો પસંદ કરે છે ! ભારત જેવા દેશમાં યુવાનોની સંખ્યા હોવા છતાં ત્યાં ઘોર નિરાશા ઉદાસીનતા અને ચિંતાના કાળાં વાદળો છવાયેલા છે તે લોકો માટે પ્રકાશ પ્રગટાવવાની આ દિવાળી

પ્રેરક બનીને આવે છે. ગરીબી અને ગંદકીથી મુક્ત થવાની રાષ્ટ્રીય નેમ ને સલા છે, છતા આ બધા માટે લડાઈ લાંબી ચાલવાની હોય તેવું લાગી રહ્યું છે. અંદરથી ભીના ભીના થવા માટે તો ભાવનાઓની ભીનાશ જ કામ લાગે છે બાહ્ય દુષ્કાળ દુષ્કર દુઃખદ અને વિપત્તિકારક છે તેમ છતાં નાગરિકોના મનમાં જો ઐક્ય ભાઈચારો અને સમતા હશે તો દીવડાનાં પ્રકાશમાં આશાના કિરણો અવશ્ય દેખાશે ! માટીના કોડિયામાં રૂની વાટ નીચે તેલ હોય અને તે ઘરના ટોડલે મૂકાયા પછી દ્વાર પર અને ત્યારબાદ હવે દિવાલ ઉપર મૂકાઈ રહ્યા છે એ માત્ર ઔપચારિકતા નથી !! જયોત સે જયોત જલે ચલો હમ સાથ મીલકર ચલે.

આપણા ધર્મગ્રંથો અને શાસ્ત્રોમાં અગ્નિ અને જળને દેવતા માન્યા છે જે ઊર્જા અને જીવન સૌને કોઈપણ જાતનાં ભેદભાવ વિના સતત અર્પે છે. ઈશ્વર આપે તેમા દયા અને સ્નેહ હોવા છતાં મૂલ્ય કદી હોતું નથી પણ માનવ સમાજ આ કરુણાસાગરની કૃપાને સાચી રીતે જાણી કે સમજી શકતો નથી. ભીતરમાં પ્રકાશનો ઉદય થાય તો દિપાવલી અવશ્ય સાર્થક થાય છે. ઝૂંપડપટ્ટીઓ, હોસ્પિટલો, રેલવે સ્ટેશનોની બહાર રાત્રીના સમયે જો નિરીક્ષણ કરવાની તક અને સમય મળે તો જોયા પછી અવશ્ય દિલને એક ભાવાત્મક ઠેસ પહોંચે છે. છાપાથી દેહને ઢાંક્યો હોય, પેટમાં જઠરાગ્નિ પૂરો ઠર્યો ના હોય અને જીવનને સજા માની પડખા ફેરવતા લોકો જયાં ત્યાં કે રસ્તાની સાઈડમાં સૂતેલા જોવા મળે ત્યારે જીવનના રંગ કેટલા અને કેવા હોય તેનો અણસાર આવે છે. ગ્રામ્ય કક્ષાએ પણ પુષ્કળ લોકો બે ટંકનાં ખોરાક માટે વલખા મારી રહ્યા છે અને બીજી તરફ પૈસા કયાં વાપરવા, દિવાળીએ શું શોપિંગ કરવું કે કયાં ટૂરમાં જવું તેનું પ્લાનિંગ થતાં હોય છે અથવા ભગવાનને છપ્પનભોગ ધરાવવામાં આવે છે ત્યારે સંચિત અને વંચિત વચ્ચે જીવન સ્વયં અસ્તિત્વનો સંઘર્ષ કરી રહ્યું હોય તેવું લાગે છે. પ્રેમના રસ્તે દિવાળી છે. નફરત-ઘૃણા-આતંકના માર્ગો અંધકાર અને નાશ છે! બીજાના સુખમાં સ્વયંના આનંદને જોવો એ ધર્મ છે. આસ્થાના સ્થાનો સંદેશા ઝડપથી મોકલવાની સ્થળો છે. પ્રાર્થા એ પાસવર્ડ છે. ડિજિટલ દુનિયા વાસ્તવમાં ભ્રામક સ્વરુપ હોવા છતાં તેમાંથી અમૃત શોધવાની વૃત્તિ - પ્રવૃત્તિઓ કરવી એ જનહિત ગણાશે. દિવાળી પર્વ સ્વયંને ઢંઢોળવાની એક આદર્શ તક છે કેમ કે પ્રેમની ગંગા વહેડાવવાની છે. અંધકારને ઉલેચવાનું કામ સૌનું છે. તેમાં આનંદ દેખાય તો માનવું કે આપણે માનવધર્મ માનવ તરીકે નિભાવ્યો !

વેદમાં પ્રાર્થના કરવામાં આવી છે કે અમને સર્વ દિશાઓમાંથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ય થાઓ. હવે આજના યુગમાં સર્વ દિશાઓમાં પ્રદૂષણ, સ્વાર્થ, અનીતિ, અસત્ય ભર્યા છે ત્યારે પ્રકાશ પાથરનાર દીવડાંની સાચી જરૂરત ઊભી થઈ છે. પ્રત્યેક ભારતીય નાગરિક 'સર્વ' ધર્મનું પાલન કરી અંતરના નાદને સાંભળીને દિવાળી પર્વ ઉજવશે તો જીવનમાં ઈશ્વરની અવિરત કૃપા ઉતરશે જે સમાજને નવજીવન, પ્રકાશ, ઉર્જા જરૂર આપશે. દિવાળી પર્વની સૌને દિલથી શુભેચ્છાઓ.

**શેર આસ્વાદ :**

ઢૂંઢતા ફિર રહા હું મૈં ખુદ કો
મૈં હી પ્યાસા હું ઔર મૈં હી સાગર હું.

## ત્યાગ - બલિદાન - સમર્પણ

થોટ
નટવર આહલપરા

ત્યાગ એટલે માત્ર છોડી દેવું એટલું જ નથી પણ ત્યાગ કરીને ભોગવવું. હૈયું બાળીને, દિલને દુઃખ આપીને ત્યાગ કરવો એ ત્યાગ, ત્યાગ નથી. હસતાં મોઢે ત્યાગ કરવો જોઈએ. કહેવાયું છે ને કે, ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના.

હૈયે વડવાનલ જળે, તોય સાગર ગાય;
હસી જાણે ઝગ ઝેર પી, સંત તે કહેવાય.

ત્યાગ માનવીનું પરમ સત્કર્મ છે. સમભાવ, સમર્પણ ભાવ પણ અનન્ય છે. પોતાનું સર્વસ્વ કોઈ મોહ રાખ્યા વિના અર્પણ કરવું તેને સમર્પણ ભાવ કહેવાય. એક મુક્તક જોઈએ તો,

જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે;
ઘસીને જાતને સંતો અન્યને સુખિયાં કરે.

એકલવ્યનું ગુરુ દ્રોણ પ્રત્યે, સ્વામી વિવેકાનંદનું રામકૃષ્ણ પરમહંસ પ્રત્યેનું સમર્પણ પ્રેરક છે.

બલિદાન અર્થાત પોતાની આહુતિ. ફતેહ મેળવવા, ધર્મની કે રાષ્ટ્રની રક્ષા કરવા, સંસ્કૃતિની રક્ષા કરવા અર્થે કેટકેટલાય વીરલાયોએ બલિદાન આપ્યા છે. કવિ નર્મદ કહે છે તેમ,

'યા હોમ કરીને પડો ફતેહ છે આગે.'

ડગલું ભર્યું કે ના હઠવું, પોતાની, પરિવારની, સમાજની કે રાષ્ટ્રની રક્ષા કરવા બલિદાનની ક્ષણ તો ભાગ્યશાળીને જ મળે છે. કહેવાયું છે ને કે,

જિંદા રહને કે મોસમ બહુત હે
મગર જાન દેને કી ઋતુ રોજ આતી નહીં.